પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News
RNI NO:- 67073/97
વર્ષ:૨૪, અંક:૧૨૩, કુલ પાના:૪, તારીખ: ૧૬-૦૧-૨૦૨૧ શનિવાર, કિંમત રૂા.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 123 PRICE :-RS. 1.50 DATE : 16-01-2021
EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)
Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર
ઈ-પેપર જોવા વોટ્સએપ પર
નામ લખી મેસેજ કરો.
મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### વડાપ્રધાન મોદી આજે સમગ્ર દેશમાં કોરોના રસીકરણ શરૂ કરાવશે

# સર્વે સંતુ નિરામયા: આજથી કોરોના વાયરસ પર વાર

ન્યુ દિલ્હી,

વડા પ્રધાન નરેન્દ્ર મોદી દેશમાં ૧૬ જાન્યુઆરીએ વીડિયો કૉન્ફરન્સિંગ દ્વારા કોવિડ-૧૯ સામેના રસીકરણને શરૂ કરાવશે અને દેશના બધા રાજ્ય તેમ જ કેન્દ્રશાસિત પ્રદેશમાં સ્વદેશી બનાવટની બે રસી આપવાનું શરૂ થશે. વડા પ્રધાનની ઑફિસે એક નિવેદનમાં જણાવ્યું હતું કે 'જન ભાગીદારી'ની સાથે કોરોના સામેનો રસીકરણનો વિશ્ર્વનો સૌથી મોટો કાર્યક્રમ ૧૬ જાન્યુઆરીએ શરૂ કરવા માટે બધી




પૂર્વતૈયારી થઈ ગઈ છે. વડા પ્રધાન દેશભરમાં ૧૬ જાન્યુઆરીએ સવારે ૧૦.૩૦ વાગ્યે રસીકરણનો આ કાર્યક્રમ વીડિયો કૉન્ફરન્સિંગથી શરૂ કરાવશે.

૧૬ જાન્યુઆરીએ દેશમાં કોવિડ-૧૯ વિરુદ્ધ રસીકરણ અભિયાનના પ્રથમ દિવસે ૨,૯૩૪ કેન્દ્રો પર લગભગ ત્રણ લાખ આરોગ્ય કર્મચારીઓને રસી આપવામાં આવશે. ૫૦૦૦ થી વધુ કેન્દ્રો પર રસીકરણ કરવામાં આવશે. દરેક રસીકરણ સત્રમાં વધુમાં વધુ ૧૦૦ લાભાર્થીઓ રહેશે. તેમના આરોગ્ય કર્મચારીઓના આંકડા અનુસાર રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં કોવિશિલ્ડ અને કોવાક્સિન રસીના ૧.૬૫ કરોડ ડોઝ ફાળવવામાં આવ્યા છે. રસીકરણને લગતા પ્રશ્નોનાં નિકાલ માટે ૨૪ કલાક કાર્યરત હેલ્પલાઈન ૧૦૭૫ શરૂ કરી દેવાઈ છે.

પ્રથમ દિવસે રસી લેનારા ડૉક્ટરો સહિતના આરોગ્ય ક્ષેત્રના કર્મચારીઓની સાથે વડા પ્રધાન મોદી વીડિયો લિંકથી વાતચીત કરે એવી શક્યતા છે. નવી દિલ્હીની 'એઈમ્સ' અને સફદરજંગ હૉસ્પિટલે રસીકરણ માટે પોતાના દ્વારા બધી તૈયારી પૂરી કરાઇ હોવાના દાવો કરાયો હતો. વડા પ્રધાનની ઑફિસે જણાવ્યું હતું કે સરકાર અને ખાનગી ક્ષેત્રના હૅલ્થકૅર વર્કર્સને રસીકરણમાં પ્રાધાન્ય અપાશે. ઈન્ટિગ્રૅટેડ ચાઈલ્ડ ડૅવલપમૅન્ટ સર્વિસીસના વર્કર્સને પણ પ્રાથમિકતા આપવામાં આવશે. અગાઉ, ડ્રગ્સ કંટ્રોલર જનરલ ઑફ ઈન્ડિયાએ સીરમ ઈન્સ્ટિટ્યૂટ દ્વારા તૈયાર કરાયેલી ઑક્સફર્ડ કોવિડ-૧૯ રસીને અને ભારત બાયૉટેક દ્વારા તૈયાર કરાયેલી કૉવેક્સિનને મંજૂરી આપી હતી.

દેશભરમાં આ બન્ને રસીના પૂરતા ડૉઝ મુલકી ઉડ્ડયન મંત્રાલયના સહકારથી પહોંચાડાયા હોવાનો દાવો કરાયો હતો. કોવિડ-૧૯ના રોગચાળા અને તેના રસીકરણને લગતી માહિતી દિવસમાં ૨૪ કલાક મેળવવા માટે કૉલ સૅન્ટરનો ૧૦૭૫ ક્રમાંક ઉપર સંપર્ક કરી શકાય છે. આ ઉપરાંત, રસીકરણ માટે કૉ-વિન નામનું સૉફ્ટવેર પર તૈયાર કરાયું છે.

# અમદાવાદ સહિત ચાર મહાનગરોમાં રાત્રિ કર્ફ્યૂ ૩૧ જાન્યુઆરી સુધી યથાવત્ રહેશે

ગાંધીનગર,

કોરોના મહામારીને અટકાવવા ગુજરાત સરકારે રાત્રિ કર્ફ્યૂ લાદ્યું છે તેને લઈને આજે એક મોટા સમાચાર મળી રહ્યા છે. રાત્રિ કર્ફ્યૂને લઈને સીએમ વિજય રૂપાણીએ એક જાહેરાત કરી છે. ચારેય મહાનગરોમાં રાત્રિ કર્ફ્યૂ યથાવત રહેશે. ૧૫ દિવસ સુધી એટલે કે ૩૧મી જાન્યુઆરી સુધી રાત્રી કર્ફ્ય યથાવત રહેશે. અમદાવાદ, રાજકોટ, સુરત અને વડોદરામાં રાત્રી કર્ફ્યૂને લઈને લોકોના મનમાં જે સવાલ હતો તેનો અંત આવી ગયો છે. રાજ્યના ચાર મહાનગરોમાં ચાલી રહેલો રાત્રિ કર્ફ્યૂ ઉત્તરાયણ પછી સમાપ્ત થાય તેવું પ્રજા ઈચ્છી રહી હતી. કોરોનાના સતત ઘટી રહેલા કેસ અને વેક્સિનેશન વચ્ચે અમદાવાદ-વડોદરા, સુરત, રાજકોટમાં રાત્રિ કર્ફ્યૂનો ધી એન્ડ થશે એવું પ્રજાને લાગી રહ્યું હતું પરંતુ રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જામનગર ખાતે મોટું નિવેદન આપ્યું છે. રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જણાવ્યું છે કે હાલમાં તો સરકાર રાત્રિ કર્ફ્યૂમાં કોઈ બાંધછોડ કરવા માંગતી નથી. ગુજરાતના ચાર મહાનગરોમાં અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરતમાં રાત્રી કર્ફ્યૂ હજુ પણ યથાવત રહે તેવી શક્યતા દેખાઈ રહી હતી, પરંતુ રાત્રિ કર્ફ્યૂ ઉત્તરાયણ પછી સમાપ્ત થાય તેવું પ્રજા ઈચ્છી રહી હતી. અગાઉ રાજ્યમાં કોરોના વાયરસની સ્થિતિને જોતાં સૂત્રોનું માનવું હતું કે સરકાર ૧૧ વાગ્યા સુધી ઢીલ આપી શકે છે. જોકે રૂપાણી સરકારનો નિર્ણય આવી ગયો છે અને જે નીતિ નિયમો સાથેનો કર્ફ્યૂ છે તેમ ચાલુ રહેશે. અત્રે ઉલ્લેખનીય છે કે, દિવાળીના તહેવારો બાદ કોરોનાના કેસ વધતા અમદાવાદ સહિત રાજકોટ, વડોદરા, સુરતમાં રાત્રી કર્ફ્યુ લાદવાનો સરકારે નિર્ણય લીધો હતો. રાતના દસ વાગ્યા બાદ રાત્રિ કર્ફ્યુનો અમલ થતો હતો. આવતીકાલથી સમગ્ર ગુજરાતમાં રસીકરણનો શુભારંભ થવા જઈ રહ્યો છે.

# સરકાર પર ભરોસો છે સુપ્રીમ કોર્ટ પર નથી: ખેડૂત નેતા રાકેશ ટીકૈત

ન્યુ દિલ્હી,

ખેડૂત નેતા રાકેશ ટીકૈતે કહ્યું હતું કે મને સરકાર પર ભરોસો છે, સુપ્રીમ કોર્ટ પર નથી. નવા કૃષિ કાયદા અંગે સુપ્રીમ કોર્ટે રચેલી સમિતિએ તો દોઢ બે માસ પહેલાંજ પોતાનો નિર્ણય કરી લીધો હતો.

છેલ્લા પચાસ દિવસથી નવા કૃષિ કાયદા અંગે દિલ્હીના સીમાડે આંદોલન કરી રહેલા હજારો ખેડૂતોના અનેકમાંના એક નેતા એવા ટીકૈતે કહ્યું કે સુપ્રીમ કોર્ટે રચેલી ચાર કૃષિ નિષ્ણાતોની સમિતિ પર મને ભરોસો નથી, સરકાર પર ભરોસો છે.

ટીકૈતે કહ્યું કે ટેકાના લઘુતમ ભાવને કાયદાનું સ્વરૂપ આપો, હાલના ત્રણે કાયદા રદ કરો અને



સ્વામીનાથન રિપોર્ટનો અમલ કરો, એથી ઓછું અમને કશું ખપતું નથી.

પત્રકારો સાથે વાત કરતાં ટીકૈતે કહ્યું કે કાયદા સરકારે રચ્યા છે, સુપ્રીમ કોર્ટે નહીં. એટલે અમને સરકાર પર ભરોસો છે, સુપ્રીમ કોર્ટની કમિટિ પર નહીં. કમિટિએ તો દોઢ બે માસ પહેલાં નક્કી કરી લીધું હતું કે કાયદા બરાબર છે. અમે કમિટિ પાસે જવાના નથી કે તેમની સાથે વાત કરવાના નથી. અમારી વાતચીત સરકાર સાથે છે, કમિટિ સાથે નહીં. કોઈ પણ કાયદા સરકાર ઘડે છે. એટલે સીધી સરકાર સાથે જ વાતચીત થઈ શકે.

દરમિયાન, સુપ્રીમ કોર્ટે રચેલી ચાર કૃષિ નિષ્ણાતોની સમિતિના એક સભ્ય અને ભારતીય કિસાન યુનિયનના નેતા ભૂપીન્દર સિંઘ માને ગુરૂવારે સુપ્રીમ કોર્ટની ચાર સભ્યોની સમિતિમાંથી રાજીનામું આપી દીધું હતું.

છેલ્લા પચાસ દિવસથી દિલ્હીના વિવિધ સરહદી વિસ્તારોમાં હજારો ખેડૂતો ડેરાતંબુ નાખીને આંદોલન કરી રહ્યા હતા. અગાઉ તેમણે પ્રજાસત્તાક દિને ટ્રેક્ટર રેલી કાઢવાની પણ ધમકી ઉચ્ચારી હતી. જો કે ત્યારબાદ એવો ખુલાસો થયો હતો કે પ્રજાસત્તાક દિને તેઓ આવી રેલી નહીં કાઢે.



**મહીસાગર જિલ્લામાં કોરોના વેકસીનનું આગમન**

# મહીસાગર જિલ્લાના ૪ કોવીડ રસીકરણ કેન્દ્રો ખાતે પ્રથમ હરોળના કોરોના યોદ્ધાઓને અપાશે કોવીડ રસી



તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા

લુણાવાડા, કોરોના મહામારીનો આપણે મકકમતાથી સામનો કર્યો છે. પરંતુ સમગ્ર દેશ અને ગુજરાત રાજય જેની આતુરતાથી રાહ જોઇ રહ્યો તે ઐતિહાસિક દિવસ આવી ગયો છે.

જે અંતર્ગત મહીસાગર જિલ્લામાં કોરોના વેકસીનનો જથ્થો આવી પહોંચ્યો છે. મહીસાગર જિલ્લામાં ૮૨૯૦ કોરોના વેકસીનનો જથ્થો લુણાવાડા ખાતે આવી પહોંચતા જિલ્લા કલેકટર આર. બી. બારડ, જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારી અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. એસ. બી. શાહ, લીલાવતી હોસ્પીટલના તબીબ ડો. દિલીપ સંઘવી સહિત આરોગ્ય અધિકારીઓએ શાસ્ત્રોકતવિધિથી કોરોના વેકસીનના જથ્થાનો સહર્ષ સ્વીકાર કર્યો હતો.

મહીસાગર જિલ્લામાં કોરોના વેકસીનનો જથ્થો આવી પહોચતાં જિલ્લાના ૦૪ કોવિડ રસીકરણ કેન્દ્રો ખાતે આજે તા.૧૬ જાન્યુઆરીના રોજ કોરોના મહામારીમાં રાત દિવસ અવિરતપણે પોતાની સેવાઓ બજાવનાર પ્રથમ હરોળના કોરોના યોદ્ધાઓને કોવિડ રસી મૂકવાનો પ્રારંભ થશે. જિલ્લા કલેકટર આર. બી. બારડ તેમજ જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના માર્ગદર્શન હેઠળ મહીસાગર જિલ્લામાં કોવીડ રસીકરણના પ્રારંભની તમામ તૈયારીઓ નિર્ધારિત પ્રોટોકોલ પ્રમાણે પૂર્ણ કરવામાં આવી છે.

આ અંગેની જાણકારી આપતાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. એસ. બી. શાહે જણાવ્યુ કે ભારત સરકારના નિયત પ્રોટોકોલ અને એસ.ઓ.પી.ને ચુસ્ત રીતે અનુસરીને રસીકરણની તૈયારીઓ કરવામાં આવી છે. આવતીકાલે રસી આપવાની કામગીરી શરૂ કરવા જિલ્લાની સરકારી ચાર સંસ્થાઓ અનુક્રમે લુણાવાડા ખાતે અબર્ન હેલ્થ સેન્ટર, સંતરામપુર ખાતે એસ.ડી.એચ., કડાણા ખાતે સી.એચ.સી. અને બાલાસિનોર ખાતે સી.એચ.સી. રસીકરણ બુથ ઊભા કરવામાં આવ્યા છે. લુણાવાડાના અર્બન હેલ્થ સેન્ટર ખાતે ધારાસભ્ય જીગ્નેશભાઇ સેવક અને સંતરામપુરના એસ.ડી.એચ. ખાતે ધારાસભ્ય કુંબેરભાઇ ડીંડોર કોવિડ રસીકરણનો પ્રારંભ કરાવશે. આ કેન્દ્રો ખાતે ડીપ ફ્રીઝ અને આઇ.એલ.આર. જેવી રસીને સલામત સાચવવાની સુવિધા રાખવામાં આવી છે. ડો. શાહે ઉમેર્યું કે રસીનો જરૂરી જથ્થો પણ રસીકરણ કેન્દ્રો ખાતે પહોંચાડવામાં આવ્યો છે.

# સાવધાન ... કોરોના વેકિસનની ખોટી અફવાઓથી દૂર રહો

લુણાવાડા, કોરોના મહામારીનો આપણે મકકમતાથી સામનો કર્યો છે. પરંતુ સમગ્ર દેશ અને ગુજરાત રાજય જેની આતુરતાથી રાહ જોઇ રહ્યો તે ઐતિહાસિક દિવસ આવી ગયો છે. અને સમગ્ર દેશ સહિત રાજયમાં પણ કોરોના વેકિસન આવી પહોંચી છે.

કોરોના વેકસીનનું આગમન થતાં જ સમગ્ર દેશ સહિત રાજયમાં કોરોના વેકસીન આપવાનો આજે તા. ૧૬મીથી વેકસીન આપવાનો પ્રારંભ થઇ રહ્યો છે. ત્યારે કોરોના વેકસીન સંબંધી અનેક ખોટી અફવાઓ અને ભ્રામક પ્રચાર કરવામાં આવી રહ્યો છે. ત્યારે એક જાગૃત નાગરિક તરીકે આપણી ફરજ બની રહે છે કે આવી ખોટી અફવાઓ અને ભ્રામક પ્રચારથી આપણે પ્રેરાઇ ન જવું જોઈએ. પરંતુ કોરોના વેકસીનની સાચી માહિતીથી જાણકાર રહેવું જોઈએ.

કોરોના વેકસીનનું આગમન થતાં જ દરેક નાગરિકોના મનમાં અનેક પ્રશ્નો છે તે પ્રશ્નો અને તેના વિશે નાગરિકોને જાણકારી મળી રહે તે માટે ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા આવા પ્રશ્નોનું નિરાકરણ લાવવામાં આવ્યું છે.

કોરોના વેકસીન સંબંધી જે પ્રશ્નો નાગરિકોના મનમાં ઉભા થઇ રહ્યા છે. તેમાં શું કોરોનાની વેકિસન બધાને એક સાથે આપવામાં આવશે તો તેના વિશે જાણીએ તો આ રસી સરકારે ઉચ્ચ જોખમ ધરાવતા જૂથોને પ્રાથમિકતાના આધારે રસીકરણ માટે પસંદ કર્યા છે. જેમાં પ્રથમ જૂથમાં આરોગ્ય કર્મચારીઓ અને ફ્ન્ટલાઈન કામદારો, બીજા જૂથમાં ૫૦ વર્ષથી વધારે વયના લોકો તથા પહેલેથી બિમાર હોય તેવા લોકો અને ત્યારપછી બાકીના બધા જરૂરિયાતમંદોને વેકિસન આપવમાં આવશે.

બીજો પ્રશ્ન છે આ વેકિસનને બહુ ઓછા સમયમાં બનાવવામાં આવી છે તેથી શું તે સુરક્ષિત છે ? વેકિસનની સુરક્ષા અને અસરકારકતાના ડેટાના આધારે મંજૂરી મળ્યા પછી જ નિયમનકાર સંસ્થાઓ દ્વારા વેકિસન આપવાનું શરૂ કરવામાં આવશે. શું વેકિસન લેવી ફરજિયાત છે ? તો કોરોનાની વેકિસન સ્વૈચ્છિક છે, જો કે આ બિમારી સામે રક્ષણ મેળવવા અને રોગને ફેલાતો અટકાવવા માટે કોરોનાની વેકિસનનો પૂરો ડોઝ લેવો આવશ્યક છે.

# દે. બારિયાના પાલિકા પ્રમુખ વિરૂદ્ધ અવિશ્વાસની દરખાસ્ત લવાતા હડકંપ મચ્યો

દે.બારીયા, દેવગઢ બારિયા નગરપાલિકાના વર્તમાન નગરપ્રમુખ દક્ષાબેન નાથાણી સામે ૧૨ જેટલા નગરસેવકોએ અવિશ્વાસની દરખાસ્ત કરતાં રાજકીય મોરચે હડકંપ મચી ગયો છે. માત્ર ચાર માસ પહેલા નગરપ્રમુખનો તાજ પહેરનારા દક્ષાબેન નાથાણી સામે ૨૪ પૈકી ૧૨ એટલે કે અડધોઅડધ નગરસેવકો આપખુદ વહીવટ, નિષ્ફળ નેતૃત્વ, નિષ્ક્રિય કામગીરી સહિત વિવિધ મુદ્દે મેદાને પડતાં નવાજૂનીના એંધાણ વર્તાઈ રહ્યા છે.

દેવગઢ બારિયા નગરપાલિકામાં વર્તમાન પ્રમુખ દક્ષાબેન નાથાણી સામે અવિશ્વાસની દરખાસ્તના મુદ્દાઓની વાત કરીએ તો તેમના પતિ નગરપ્રમુખ તરીકેનો વહીવટ કરે છે. નગરપાલિકા કચેરીમાં પ્રમુખની ચેમ્બરને તાળાં લટકે છે, તે ચેમ્બરમાં આવતા નથી. જેથી પ્રજા અને નગરસેવકોના પ્રશ્નોના જવાબ કે નિકાલ આપતા નથી. વિકાસકામોના ટેન્ડરીંગ અને વર્ક ઓર્ડર આપવા બાબતે નગરસેવકોને વિશ્વાસમાં લીધા સિવાય બારોબાર ઠરાવ લખવામાં આવે છે. નગરમાં આવેલ સાત જાહેર શૌચાલયો અને રજવાડી ટાવર છેલ્લા ચાર માસથી સદંતર બંધ હાલતમાં છે. નગરના શાંતિધામમાં પાણી, સફાઇ લાકડાની અછત અને અંતિમ સંસ્કાર માટેની કેચી પણ જર્જરિત હાલતમાં છે. નગરના વિવિધ વિસ્તારોમાં પાણી અને સફાઈનો અભાવ જોવા મળે છે. નગરપાલિકા કચેરીનો મહેકમ ખર્ચ ૪૭ ટકાની જગ્યાએ ૧૦૦ ટકાએ પહોંચ્યો છે જે વહીવટી અણઆવડત છે. નગરનું દીવાબત્તી બિલ ચાર માસથી બાકી છે સહિતના કારણોના લીધે પ્રજાને અનેકવિધ કનડગત અને વહીવટ અવળેપાટે જતો હોવાનો આક્ષેપ કરાયો છે.

આ તમામ મુદ્દાઓને લઈને ૧૨ જેટલા નગરસેવકો વર્તમાન પ્રમુખ સામે નિષ્ફળ નેતૃત્વ અને લોકહિત કાર્યોમાં નિષ્ક્રિયતા અંગેની પસ્તાળ પાડીને મેદાને પડ્યા છે. આમ સંખ્યાબળની રીતે જોઈએ તો કુલ ૨૪ પૈકી ૫૦ ટકા નગરસેવકો અવિશ્વાસની દરખાસ્તના ફેવરમાં હોવાથી દક્ષાબેન નાથાણી માટે પ્રમુખપદ બચાવવું મુશ્કેલ લાગી રહ્યું છે. આગામી પંદર દિવસમાં પ્રમુખ અથવા ઉપપ્રમુખ બેઠક બોલાવશે. જો તેમ નહીં થાય તો હોદ્દાની રૂએ પ્રાંત અધિકારીના અદયક્ષસ્થાને બેઠક મળશે, જેમાં પક્ષ–વિપક્ષ મુદ્દે વોટિંગ થશે. જો કે આ રાજકીય ઘટનાક્રમથી નગરજનોમાં ચારેકોર તરેહતરેહની ચર્ચાઓએ વેગ પકડયું છે.

# દાહોદના ખરોડ ગામે બાઈક ચાલકને અકસ્માત નડતા ૧૦૮ ઘટના સ્થળે પહોંચી દર્દી પાસેથી ૨.૪૦ લાખ રોકડ અને મોબાઈલ દર્દીના સગાને આપ્યા

દાહોદ, દાહોદ તાલુકાના ખરોડ ગામે હાઈવેથી એક મોટરસાઈકલ બે વ્યકિતઓને અકસ્માત નડતા તાબડતોડ ઘટના સ્થળે પહોંચેલી ૧૦૮ ઈમરજન્સી એમ્બયુલેન્સ દ્વારા ઈજાગ્રસ્ત દર્દી પાસેથી ૨.૪૦ લાખ રૂપિયાની રોકડ રકમ, મોબાઈલ ફોન સહિતની અન્ય વસ્તુઓ મળી આવતા ૧૦૮ ના પાઈલોટ તેમજ ઈ.એમ.ટી એ દર્દીને હોસ્પિટલ પહોંચાડી રોકડ રકમ તેમજ અન્ય વસ્તુઓ દર્દીના સગાને સુપરત કરી પ્રામાણિકતા દાખવી હતી.

મળતી માહિતી અનુસાર, ઝાલોદ તાલુકાના અનિકા ગામના રહેવાસી ૫૦ વર્ષીય વિનોદભાઈ વિરસીંગભાઈ આમોલ પોતાની મોટરસાઈકલ લઈ દાહોદ કામ અર્થે આવ્યા હતા. જયાંથી સાંજના સુમારે પરત પોતાના ગામ સંજેલી તરફ જઈ રહ્યા હતા. તે સમયે રસ્તામાં દાહોદ તાલુકાના ખરોડ બાયપાસ પાસે વિનોદભાઈની બાઈક સ્લીપ ખાતા તે મોટરસાયકલ રસ્તામાં પડી જતા તેઓને શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. જોકે આ બનાવની જાણ દાહોદ ઈમરજન્સી ૧૦૮ ને કરાતા ૧૦૮ તાબડતોડ ઘટના સ્થળે આવી પહોંચી હતી.અને ઈજાગ્રસ્ત વિનોદભાઈને દાહોદના સમીર હોસ્પિટલ ખાતે લઈ આવતા ૧૦૮ના ઈ. એમ.ટી ને વિનોદભાઈ પાસેથી ૨.૪૦ લાખ રૂપિયાની રોકડ મળી આવતા આ બાબતની જાણ પાઈલોટ તેંમજ ઊખઊ જમીલભાઈને જાણ કરાતાં તેઓની સૂચના મુજબ ૧૦૮ ની ટીમે ઈજાગ્રસ્ત વિનોદભાઈના સગા સંજય મનસુખભાઇ મુનિયાને ૨.૪૦ લાખની રોકડ રકમ તેમજ મોબાઈલ ફોન પરત કરી પ્રામાણિકતા દાખવી હતી.

જયારે અન્ય એક બનાવમાં દાહોદના યાદગાર ચોકડી પાસે ૫૦ વર્ષની યુવાનનો એક્સિડન્ટ થયો હતો.જેની જાણ ૧૦૮ ઈમરજન્સી ૧૦૮ ને થતાં તેઓએ ઈજાગ્રસ્ત યુવકને હોસ્પિટલ લઈ ગયા હતા. જ્યાં તેની પાસેથી રોકડ ૨૨૦૦ રૂપિયા, આધાર કાર્ડ, એટીએમ કાર્ડ અને ૫ થી ૮ સિમકાર્ડ મળી આવ્યા હતાં. તે બધો જ કિંમતી સામાન ૧૦૮ની ટીમે હોસ્પિટલના સ્ટાફને સલામત રીતે આપ્યો હતો.

**મહીસાગર જિલ્લામાં આજે રાહતના સમાચાર**

# જિલ્લામાં એક પણ પોઝિટિવ કેસ નોંધાયો નથી : જિલ્લામાં કોરોનાના કુલ ૧૯૭૯ પોઝીટીવ કેસ નોંધાયા

લુણાવાડા, કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.

આજે જિલ્લી માટે રાહતના સમાચાર આવ્યા છે. આજે જિલ્લાગમાં એકપણ કેસ પોઝીટીવ નોંધાવા પામ્યો નથી. આમ છેલ્લામ બે દિવસથી જિલ્લા માટે રાહતના સમાચાર છે. તા.૧૪/૧/૨૦૨૧ના રોજ પણ જિલ્લાલમાં એકપણ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યો નહોતો.

આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૧૫-૦૧-૨૦૨૧ના સાંજના ૪-૩૦ વાગ્યા સુધીમાં ૧૯૭૯ કેસ પોઝીટીવ નોધાયા છે. આજે જિલ્લીમાં સારવાર લઇ રહેલ દર્દીઓ પૈકી લુણાવાડા તાલુકાના ૦૨ પુરૂષો અને વિરપુર તાલુકાના ૦૧ પુરૂષે કોરોનાને મ્હાવત આપી સ્વાસ્થ થતાં રજા આપવામાં આવતાં સ્વ-ગૃહે ફરત ફર્યા છે. આમ, જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૧૯૧૪ દર્દીઓ સ્વસ્થ થઇને સ્વગૃહે પરત ફર્યા છે. જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૮ વ્યકિતનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૩૬ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૪૪ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનફલુ/ કોરોનાના કુલ ૧૧૫૨૦૯ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૨૧૮ વ્યકિતઓને હોમ કવોરોન્ટાઇલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૦૨ દર્દી ડીસ્ટ્રીકટ હોસ્પિટલ, લુણાવાડા, ૧૬ દર્દી હોમ આઈસોલેશન અને ૦૩ દર્દી અન્ય જિલ્લા ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૧૯ દર્દીઓ સ્ટેબલ અને ૦૨ દર્દીઓ ઓક્સિજન પર છે.

# ખાનપુર તાલુકામાં ઉત્તરાયણ પર્વની ઉલ્લાસ પૂર્વક ઉજવણી કરાઈ

લુણાવાડા, ખાનપુર તાલુકાથી માંડી ગ્રામ્ય વિસ્તારોમાં પતંગના રસીયાઓ અને સામાન્ય લોકો જેની ઉત્સાહ પૂર્વક રાહ જોતા હતા તે ઉતરાયણ ની શાનદાર રીતે અને પરંપરાગત રીતે ઉંધીયું જલેબી ઝાપટી ઉજવણી કરી હતી અને એ કાપ્યો... લપેટની ધુમ ખાનપુરમાં ચારે બાજુ જોવા મળી હતી.

ખાનપુર માં ઉતરાયણ ની સવારે ગાયને ઘઉંની ઘુઘરી તથા ઘાસ ખવડાવી શરૂઆત કરાઈ હતી. પતંગના પર્વ ઉત્તરાયણની ખાનપુર તાલુકામાં હર્ષોલ્લાસ સાથે ઉજવણી થઈ હતી કોરોના અને કોવિડ ગાઈડ લાઈનના કારણે સરકારી પ્રતિબંધ છતાં પતંગરસિયાઓએ ઉતરાયણ પર્વને મનભરીને માણ્યો હતો. નાના થી લઈને મોટા સૌ કોઈ એ ઉતરાયણ અને વાસી ઉત્તરાયણના દિવસે પવન સારો રહેતા. પતંગ રસિકોએ ઉતરાયણ ને મન ભરીને માણી હતી.

# દાહોદ એકટીવા ચાલક યુવકના ગળામાં દોરો ભરાતાં ૩૩ ટાંકા આવ્યા

દાહોદ, દાહોદ શહેરમાં એક્ટીવા પર પસાર થઈ રહેલ એક યુવકનું ગળે પતંગના દોરાથી કપાઈ જતાં તેને ૩૩ ટાકા આવ્યા હોવાનું જાણવા મળી રહ્યું છે. બે દિવસની અંદર પતંગના દોરાથી દાહોદમાં બે વ્યક્તિઓ ઈજાગ્રસ્ત થયાં છે.

અગાઉ દાહોદ શહેરના પડાવ વિસ્તાર ખાતે પતંગના દોરાથી એક રાહદારીનું માથું કપાઈ જતાં અંદાજે ૧૨ થી ૧૫ ટાકા આવ્યા હતાં. ત્યારે ગતરોજ ઉત્તરાયણ પર્વના દિવસે દાહોદ શહેરમાં રહેતો એક યુવક પોતાની એક્ટીવ ગાડી લઈ પસાર થઈ રહ્યો હતો. તે સમયે પતંગનો ધારદાર દોરો આ યુવકના ગળામાં ફરી વળતાં લોહીલુહાણ થઈ ગયો હતો. સ્થાનિકો દ્વારા આ યુવકને તાત્કાલિકા નજીકના દવાખાને ખસેડવામાં આવ્યો હતો જ્યારે તબીબો દ્વારા ઈજાઓની ગંભીરતાને દયાનમાં રાખી ગળાના ભાગે ૩૩ ટાકા લેવાની પકજ પડી હતી. હાલ આ યુવકની તબીયત સારી છે પરંતુ ઈજાની ગંભીરતાને કારણે તેને હોસ્પિટલમાંજ સારવાર અર્થે રખાયો હોવાનું પણ જાણવા મળી રહ્યું છે. આમ, ઉત્તરાયણ પર્વ ઘણા માટે ખુશીનો દિવસ રહ્યો તો ઘણા માટે દુઃખદ પણ રહેવા પામ્યો હતો.

# ફતેપુરાના બલૈયા ગામે પતંગ ચગાવતા મધપૂડા માંથી મધમાખી ઉડતા આઠ વ્યકિત ઘાયલ

દાહોદ, મકરસંક્રાંતિ નિમિત્તે ફતેપુરા તાલુકાના બલૈયા પાસે આવેલ બારિયાની હાથોડ ખાતે ખેતરમાં જઈ પતંગ ચગાવતા પતંગ રસિયાઓના પતંગની દોરી મધપુડા સાથે સ્પર્શ થતા મધમાખીઓ ઉડી પતંગ રસિયાઓ ઉપર તૂટી પડતા આઠ જેટલા લોકોને મધમાખીએ ઘાયલ કરતા તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા બલૈયા સીએચસીમાં પ્રાથમિક સારવાર મધમાખીના ડંખનો ભોગ બનેલા ઈજાગ્રસ્તો ને વધુ સારવાર માટે સંતરામપુર ખાનગી દવાખાનામાં સારવાર માટે રીફર કરવામાં આવ્યા હોવાનું જાણવા મળે છે.

જાણવા મળેલી વિગતો મુજબ ફતેપુરા તાલુકાના બલૈયા પાસે આવેલ બારિયાની હાથોડ સીમળી ફળિયા ખાતે આજરોજ બપોરના બે વાગ્યાના અરસામાં બારીયાની હાથોડ ગામના પતંગ રસિયાઓ ખેતરમાં જઈ પતંગ ચગાવી રહ્યા હતા.જ્યારે કેટલાક વડીલો ચગતાં પતંગને જોવા માટે આવેલ હતા.તે દરમિયાન પતંગની દોરી બાજુમાં આવેલું વૃક્ષ ઉપર બેઠેલા મધપૂડાને અડી જતા મધપૂડામાંથી મધ મધમાખીઓ ઉડી પતંગ રસિયાઓ ઉપર તૂટી પડી હતી.અને ડંખ મારી આઠ જેટલા લોકોને ઘાયલ કર્યા હતા.તેમાં નારસિંગભાઈ મોતીભાઈ ગરાસીયા ઉંમર વર્ષ.૪૦, પ્રિન્સકુમાર ગોવિંદભાઈ ગરાસીયા ઉંમર વર્ષ ૮,સુમિત કુમાર નારસિંગભાઈ ગરાસીયા ઉંમર વર્ષ ૧૫, પરેશકુમાર મોતીભાઈ ગરાસીયા ઉંમર વર્ષ ૩૫,ચિન્ટુકુમાર નરેશભાઈ ગરાસીયા ઉંમર વર્ષ ૪, શાંતાબેન ધુળાભાઈ ગરાસીયા ઉંમર વર્ષ ૬૦, ધૈર્યકુમાર વિપુલભાઈ બારીયા ઉંમર વર્ષ ૫, તથા પ્રભુદાસ સોમાભાઈ બારીયા ઉંમર વર્ષ ૫૧ તમામરહેવાસી બારીયાની હાથોડનાઓને મધમાખીઓએ દંસ મારતા ઘાયલ થયા હતા.જેઓને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા બલૈયા સીએચસી ખાતે લાવવામાં આવ્યા હતા. પરંતુ દવાખાનાનો સ્ટાફ હાજર નહીં મળી આવતા ઈજાગ્રસ્તોના સંબંધીઓ દ્વારા મુખી બોલાચાલી પણ થઈ હોવાનું જાણવા મળે છે. પરંતુ અહીંયાના તબીબ આવી પહોંચતા મામલો થાળે પડ્યો હતો. બલૈયા સરકારી દવાખાનામાં પ્રાથમિક સારવાર આપ્યા બાદ નારસિંગભાઈ ગરાસીયા, પ્રિન્સ કુમાર ગરાસીયા, સુમિત કુમાર ગરાસીયા, ચિન્ટુ કુમાર ગરાસીયા તથા ધૈર્ય કુમાર બારીયાને વધુ સારવાર માટે સંતરામપુર દવાખાનામાં રીફર કરવામાં આવ્યા હોવાનું જાણવા મળે છે.

# ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહની પ્રાયોગિક (પ્રેકટીકલ) પરીક્ષા તા.30મી માર્ચથી લેવાશે

લુણાવાડા, ગુજરાત માદયમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહની મે-૨૦૨૧માં યોજનાર પરીક્ષામાં નોંધાયેલ વિદ્યાર્થીઓને રસાયણ વિજ્ઞાન (૦૫૩), ભૌતિક વિજ્ઞાન (૦૫૫) અને જીવ વિજ્ઞાન (૦૫૭) વિષયની પ્રાયોગિક (પ્રેકટીકલ) પરીક્ષા આગામી તા. ૩૦/૩/૨૦૨૧થી જિલ્લાના નિયત થયેલ વિજ્ઞાન પ્રવાહના પરીક્ષા કેન્દ્રો ખાતે બોર્ડ દ્વારા લેવામાં આવનાર છે. જેની શાળાના આચાર્યઓ, વાલીઓ, વિદ્યાર્થીઓ અને સંબંધિતોને નોંધ લેવા ગાંધીનગર માદયમિક અને ઉચ્ચતર શિક્ષણ બોર્ડના નાયબ નિયામક (પરીક્ષા) જે. જી. પંડયાએ એક યાદી દ્વારા જણાવ્યું છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨, વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૨૦૨૦, તા. ૧૬-૦૧-૨૦૨૧, શનિવાર, મકરસંક્રાંતિ, પોષ સુનઉ, સૂર્યોદય-૭-૩૦, સૂર્યાસ્ત-૬-૨૦, જૈન નવકારશી-૮-૧૮, આજની રાશિ : મકર (ખ.જ.), નક્ષત્ર: શ્રવણ

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

- શુભ ચોઘડીયા -
૧૨-૩૪થી અભિજીત-૧૩-૧૮ સુધી, ૭-૩૦થી શુભ-૮-૫૨ સુધી, ૧૧-૩૫ થી ચલ-લાભ-અમૃત-૧૫-૩૯ સુધી, ૧૭-૦૧થી શુભ-અમૃત-ચલ-૨૧-૩૯ સુધી

- શુભ હોરા-
૭-૩૦થી ૮-૨૪ સુધી, ૧૦-૧૩થી ૧૨-૫૬ સુધી, ૧૩-૫૦થી ૧૪-૪૫ સુધી, ૨૬-૩૩ થી ૧૯-૨૮ સુધી

## દૈનિક રાશીફળ

તા.૧૬.૦૧.૨૦૨૧ શનિવાર

મેષ(અ.લ.ઈ.):-સટ્ટાકિય કાળજી રાખવી. નોકરીમાં બદલી બઢતી મળે. માનસિક ચિંતા હળવી બને. આનંદમય વાતાવરણ રહે.
વૃષભ(બ.વ.ઉ.):-શારીરિક સુખ ઉત્તમ રહે. સંતાન સુખ ઉત્તમ. બુદ્ધિવિવેકથી કાર્યમાં પ્રગતિ મળે.
મિથુન(ક.છ.ઘ.):-ઈષ્ટદેવની ઉપાસનાથી મુશ્કેલીમાં રાહત, ધાર્મિક યાત્રા-પ્રવાસનો યોગ. વાતાવરમ સુમેળ રહે.
કર્ક(ડ.હ.):-વેપાર અર્તે થેયલો પ્રવાસ લાભદાયી બની રહે. આવકનું પ્રમાણ જળવાઈ રહે. અભ્યાસમાં પ્રગતિ.
સિંહ(મ.ટ.):-ધાર્મિક યાત્રા-પ્રવાસનો યોગ.કુટુંબ સુખ ઉત્તમ આરોગ્ય સુખાકારી જદ્યળવાઈ રહે. આકસ્મિક ધનલાભ બને.
કન્યા(પ.ઠ.ણ.):-માનસિક ચિંતા હળવી બને. વાહન-મકાન સુખ ઉત્તમ રહે. કુટુંબમાં શુભ પ્રસંગ આવે.
તુલા(ર.ત.):-ધંધાનું આયોજન સફળ બને. આવકનું પ્રમામ જલવાઈ રહે. ઉત્તમ સમય. આરોગ્ય સારું રહે.
વૃશ્ચિક(ન.ય.):-કાયદાકીય પ્રશ્નો હલ થાય. વારસાગત મિલકતની પ્રાપ્તિ થાય. માનસિક ચિંતા હળવી બને.
ધન(ભ.ધ.ફ.ઢ.):-રોજગારીની નવી તકો મળે. દંધાકીય નવું રોકાણ શકય બને. વાતાવરણ સુમેળ બને. અભ્યાસમાં પ્રગતિ.
મકર(ખ.જ.):-સંતાન-સંબંધી પ્રશ્નો હલ થાય. આવકનું પ્રમાણ જળવાઈ રહે. એકંદરે સમય શુભ. આરોગ્ય સારું રહે.
કુંભ(ગ.શ.સ.):-રાજકીય ક્ષેત્રે જવાબદારીમાં વધારો થઈ શકે છે. કાયદાકીય પ્રશ્નોનો હલ થાય. આરોગ્ય સુખમયી બને.
મીન(દ.ચ.ઝ.):-વિવાહ-લગ્ન સંબંધી શુભ સમય સંતાનના પ્રશ્નો હલ થાય. કુટુંબ વાતાવરણ સુમેળ રહે. નોકરીમાં બઢતી થાય.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 123




## વાવણી માટે ધિરાણ

ખેડૂતોને ૦%ના વ્યાજે મળી રહ્યુ છે કૃષિ ધિરાણ

### પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના

- આ યોજના હેઠળ ખેડૂતોને દર વર્ષે મળી રહી છે રૂ. ૬૦૦૦ની સહાય
- અત્યાર સુધી ૫૭.૩૫ લાખ ખેડૂતોને રૂ. ૬૧૬૫.૬૩ કરોડની સહાય ચૂકવાઈ




### કૃષિ ઉપકરણો પર સહાય

ખેતીમાં આધુનિકરણ લાવવા માટે કૃષિને લગતા સાધનો ઉપર ખેડૂતોને મળી રહી છે સહાય

## વાવણી પછી સિંચાઈની વ્યવસ્થા



- દરેક ખેતર સુધી પહોચાડાઈ રહ્યાં છે વીજળી અને પાણી
- સુજલામ્ સુફલામ્ યોજનાથી ઉત્તર ગુજરાત, કચ્છ અને સુરેન્દ્રનગરના ખેડૂતોને મળી રહ્યો છે સિંચાઈનો લાભ
- સૌની યોજનાથી સૌરાષ્ટ્રને મળી રહ્યો છે સિંચાઈનો લાભ
- આદિવાસી વિસ્તારોમાં લિફ્ટ ઈરીગેશન યોજનાથી સિંચાઈ માટે પહોંચી રહ્યું છે પાણી
- વર્ષ ૨૦૦૧-૦૨માં ગુજરાતમાં કુલ ૩૫.૭૩ લાખ હેક્ટર ભૂમિ ઉપર સિંચાઈની સુવિધા ઉપલબ્ધ હતી, જે વધીને ૨૦૨૦માં ૭૪.૬૦ લાખથી વધુ હેક્ટર સુધી પહોંચી

## કિસાન સૂર્યોદય યોજના

ખેડૂતોના રાતના ઉજાગરા થયા બંધ, ખેડૂતોને સિંચાઈ માટે દિવસે જ મળી રહી છે વીજળી

## તૈયાર થયેલા પાક ઉપર કુદરતી આફત આવે ત્યારે

ખેડૂતને થયું નુકશાન ત્યારે સરકારે ચૂકવ્યું યોગ્ય વળતર



| વર્ષ ૨૦૧૭માં | વર્ષ ૨૦૧૮માં | વર્ષ ૨૦૧૯માં | ચાલુ નાણાકીય વર્ષે |
|---|---|---|---|
| ૧૫ જિલ્લાઓમાં અતિવૃષ્ટિથી અસરગ્રસ્ત ૭.૬૯ લાખ ખેડૂતોને વળતર પેટે રૂ.૧,૭૦૬ કરોડની સહાય ચૂકવાઈ | અતિવૃષ્ટિ/ઓછા વરસાદના કિસ્સામાં ૧૭.૫૯ લાખથી વધુ ખેડૂતોને રૂ.૧,૬૭૮ કરોડની સહાય ચૂકવાઈ | કમોસમી વરસાદથી થયેલા નુકશાન સામે ૩૨.૦૪ લાખ ખેડૂતોને રૂ.૨,૪૭૮.૪૯ કરોડની સહાય ચૂકવાઈ | અતિવૃષ્ટિ સામે વળતર પેટે અત્યાર સુધીમાં રૂ. ૨૮૭૩.૪૩ કરોડની ચૂકવણી |

## મુખ્યમંત્રી કિસાન સહાય યોજના

કોઈ પણ પ્રિમિયમ ભર્યા વગર જો કુદરતી આપત્તિના કારણે ખેડૂતોના પાકને નુકશાન થાય ત્યારે ખેડૂતોને સહાય આપતી અને રાજ્યના બધા ખેડૂતોને આવરી લેતી યોજના

## પાકના વેચાણ માટેની વ્યવસ્થા

### ટેકાના ભાવે ખેડૂતોના પાકની થઈ રહી છે ખરીદી

- પાછલા ૪ વર્ષમાં ટેકાના ભાવે રૂ. ૧૬૦૦૦ કરોડથી વધુ ખેત પેદાશોની થઈ ખરીદી
- રાજ્યમાં એપીએમસીને વધુ મજબૂત કરાઈ

## સાત પગલાં ખેડૂત કલ્યાણ યોજના

### ખેડૂતોની આવક બમણી કરવા માટેની દિશામાં મોટા પગલાં

આ યોજના હેઠળ રૂ. ૭૧૨ કરોડની જોગવાઈ કરવામાં આવી

Z

૨૦૨૨ સુધી ખેડૂતોની આવક બમણી કરવાના વડાપ્રધાનશ્રીના સપનાને સાકાર કરવા માટે ગુજરાત સરકાર કાર્યરત છે. - શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત


### પેટ્રોલ પંપો ઉપર ભેળસેળ કયારે અટકશે ?

# પેટ્રોલમાં ભાવ વધારા બાદ ગેસ સિલિન્ડર પણ મોંઘો થયો

દે.બારીયા,

ગયા ડિસેમ્બર મહિનાથી રાંધણ ગેસના સિલિન્ડર ૫૦ થી ૧૦૦ રૂપીયાનો વધારો થવા પામ્યો હતો. જો કે આને સરભર કરવા માટે ગ્રાહકોને સરકાર સબસીડી આપશે કે કેમ તે કોઈને ખબર નથી. ઉજ્વલા યોજનાના ગેસ સિલિન્ડર મેળવનારા ગરીબ મદયમવર્ગની મહિલાઓ પોતાને મળતી સબસીડી જમા થતી નથી. વારંવાર બેંકોના ધરમધકકા ખાદા બાદ ઉજજવલા યોજના સિલિન્ડરો વેચવા માંડયા છે. જેથી ઉજજવલા યોજના નિષ્ફળ નીવડી છે. સબસીડી મળતી નથી. તેથી સરકાર સામે છૂપો રોષ છે. સરકાર લોલીપોપ આપે છે. પછી છીનવી લે છે. આમ જનતામાં કયાં સુધી મુર્ખ બનતી રહેશે. તેવો ગણગણાટ સાંભળવા મળે છે.

ક્રુડ ઓઈલના ભાવ વધારો થતાં ઈંધણના ભાવમાં ભડકો થયો છે. ખાદ્ય તેલન ડબ્બાના ૧૯૦૦/– થી ૨૦૦૦/–સુધી પહોંચી ચૂકયા છે. નાણાંકિય વર્ષ ૨૦૧૯–૨૦માં કેન્દ્ર સરકારે ગેસ સિલિન્ડર પર સબસીડી પેટે રૂા.૨૨,૬૩૫/–કરોડ રૂપીયા ચૂકવ્યા હતા. જયારે ૧૮૧૯/–માં આ રકમ ૩,૪૪૭/–કરોડ રૂપીયા રકમ થતી હતી. જો આ વર્ષ ક્રુડના ભાવ વધારો જોવા મળી રહયો છે. અને આગળ પણ વધારો થશે તો સબસીડી તો ભૂલી જવી પડશે. અત્રે ઉલ્લેખનિય છે કે, દે.બારીઆ તાલુકાના તમામ પેટ્રોલ પંપો પર કોઈ જ તપાસણી અર્થે જીલ્લાના પદના અધિકારીઓ મુકાલત લેતા નથી. દર મહિને તેમના વચેટીયાઓને કવરમાં લેવડદેવડ થઈ જાય છે. તો સબ સલામતનો સર્ટી મળી જાય છે. બધુ સલામત છે. જેથી પેટ્રોલ પંપોના સંચાલકો બિંદાસ પણે ગ્રાહકોને ભેળસેલ થતા માલમાં ઓછું ઈંધણ આખી ધોળે દાડે લુંટતા ખચકાતા નથી. આજનો ભાવ તાલુકાના પેટ્રોલ પંપ ૮૩ રૂપીયા થઈ ચૂકયા છે. ગ્રાહકોને બેવડો માર પડતો કોણ રોકશે તે યક્ષ પ્રશ્ન છે. ઓઈલ કંપનીઓ પોતાના વચલા ગ્રાહકોને લુંટાતા સરકારી બાબુઓને હવાલેના છોડે પોતે પોતાની કંપનીઓના પંપો ઉપર અવરનવર ચકાસણી કરશે ખરી ? ભેળસેળ તથા ઓછા તોલમાપ માં જ પેટ્રોલ પંપનો સંચાલક પકડાય તો તેનું લાઈસન્સ ત્રણ માટે સસ્પેન્ડ કરવાનો પ્રાવાધાન છે. ત્રણ માસ પૂરા થાય અને ત્રણ માસના સંચાલકના ધકકા ખાદા બાદ લેવડ દેવડનું સેટીંગ થઈ ગયા બાદ પછી લાયસન્સને બહાલી આપવામાં આવે છે. લેવડ દેવડ થઈ ગયા બાદ પેટ્રોલ પંપોના સંચાલકોને ફરી ગ્રાહકોને લુંટવાનો પરવાનો મળી જતો હોય છે. લેવડ દેવડતાથી ડબલ નાણાં પડાળ લેતા હોય છે. જેથી બલીનો બકરો ખુદ આમ જનતા બને ઈ કોઈનું કશું જતું નથી. આમ ગરીબ ખેડુતના ખિસ્સા કપાઈ છે. આવું કયાં સુધી ચાલશે તે તો આવનારો સમય બતાવશે.

# લીમડીમાં બાઈક ઉપર લટકાવેલ ૫૦ હજારની બેગ લઈ અજાણ્યો ચોર ફરાર

દાહોદ,

ઝાલોદ તાલુકાના લીમડી નગરમાં એક મોટરસાઈકલ પર લટકાવેલ રૂપીયા ૫૦ હજાર ભરેલ રોકડા રૂપીયાની બેગ કોઈ અજાણ્યા ચોર ઈસમ લઈ નાસી જતાં પોલીસમાં ફરિયાદ નોંધાવા પામી છે.

ઝાલોદ તાલુકાના રૂપાખેડા ગામે લબાના ફળિયામાં રહેતા ભારતસિંહ નારસિંહ લવાણા ગત તા.૦૪મી જાન્યુઆરીના રોજ પોતાના કબજાની મોટરસાઈકલ લઈ લીમડી નગરની એ.બી.આઈ.બેન્ક ખાતે આવ્યા હતા અને આ બેન્કમાંથી પગારના રૂપીયા ૫૦ હજાર ઉપાડી પોતાની સાથે લાવેલ બેગમાં ભર્યા હતાં. પૈસા ઉપાડ્યા બાદ બેન્કમાંથી નીકળ્યાં હતા અને પોતાની આ પૈસા ભરેલ બેગ મોટરસાઈકલ પર લટકાવી હતી કે, તે જ સમયે કોઈ અજાણ્યો ચોર ઈસમ ભારતસિંહની નજર ચુકવી આ રોકડા રૂપીયા ભરેલ બેગની ચોરી કરી લઈ જોતજોતામાં નાસી જતાં ભારતસિંહભાઈ સ્તબ્ધતા થઈ ગયા હતાં. આસપાસમાં ભારે શોધખોળ આદર્યા બાદ પણ અજાણ્યો ચોર ઈસમ ન મળતાં બેન્કની બહાર લોકોનો ભારે જમાવડો થઈ ગયો હતો. આ બેકમાં પૈસાની સાથે સાથે ઓરીજીનલ ભારતસિંહભાઈના ડોક્યુમેન્ટ હોવાનુ પણ જાણવા મળી રહ્યું છે ત્યારે આ સંબંધે ભારતસિંહ નારસિંહ લાબાના દ્વારા લીમડી પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# દાહોદમાં ઉત્તરાયણની ધામધૂમથી ઉજવણી કરાઈ

દાહોદ,

દાહોદ શહેર સહિત જિલ્લામાં ઉત્તરાયણ પર્વની જિલ્લાવાસીઓએ ધામધુમ પુર્વક ઉજવણી કરી હતી. વહેલી સવારથી જ પતંગ રસીયાઓ પોત પોતાના ધાબા ઉપર ચઢી ગયા હતા અને જલેબી, ફાફડા, ઉંધીયુંની મીજબાની સાથે મકરસંક્રાંતિની ઉજવણી કરી હતી. પવન પણ સારો એવો રહેતા પતંગ રસીયાઓમાં ઉત્સાહ પણ જોવા મળ્યો હતો પરંતુ દર વર્ષ કરતાં આ વખતે મકરસંક્રાંતિની ઉજવણી ફીક્કી રહી હોવાનો ગણગણાટ પણ સાંભળવા મળી રહ્યો હતો. ૧૪ જાન્યુઆરી એટલે, મકરસંક્રાંતિ પર્વે દર વર્ષે દાહોદ શહેર સહિત જિલ્લાવાસીઓ આ પર્વની ધામધુમ પુર્વક ઉજવણી કરતાં હોય છે. ૨૦૨૦નું આખું વર્ષ કોરોના વૈશ્વિક મહામારીમાંથી પસાર થતાં તમામ નાના મોટા તહેવારોમાં લોકોએ સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ કોવિડ – ૧૯ની ગાઈડલાઈનુ અનુસાર તહેવારોની ઉજવણી કરી હતી. ૨૦૨૧ના પ્રારંભ સાથે જ તહેવારનો પણ આરંભ થયો છે. ત્યારે આ વર્ષના પ્રારંભ સાથે જ લોકો દ્વારા આખુ વર્ષ ફળદાયી તેમજ મહામારીથી સુરક્ષિત રહે તેવી પ્રાર્થના પણ કરી હતી. અંગ્રેજી નવા વર્ષના પ્રારંભ સાથે જ ૧૪મી જાન્યુઆરીએ ઉત્તરાયણ પર્વની ઉજવણી કરવા દાહોદવાસીઓએ પુર્વ તૈયારીઓ કરી લીધી હતી પરંતુ પરિસ્થિતિને દયાનમાં રાખી તેમજ કોરોના સંક્રમણ વધુ ન ફેલાય તેની તકેદારી રાખી સરકાર દ્વારા અમુક નિયમો સાથે ઉત્તરાયણ પર્વની ઉજવણી કરવા જાહેર જનતાને અપીલ પણ કરી હતી જેથી કોરોનાના કેસો ના વધે. આવા સમયે દાહોદવાસીઓએ પણ સરકારની ગાઈડલાઈનનું પાલન કરી ઉત્તરાયણ પર્વની ઉજવણી કરી હતી. વહેલી સવારથી લોકો પોત પોતાના અગાસી, ધાબા ઉપર ચઢી ગયા હતા અને કાપ્યો છે... કાપ્યો છે..ના અવાજથી સમગ્ર વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું. દાહોદની સ્વાદ પ્રિય જનતાએ જલેબી, ફાફડા, ઉધીંયું, પુરીની પણ મીજબાની માણી હતી. સવારથી જ પવન સારો ફુંકાતા લોકો પતંગ ચગાવવાની મજા આવી હતી તો આખો દિવસ પતંગ ચગાવી સાંજના સમયે ફટાકડા ફોડી આતશબાજીનો નજારો પણ જોવા મળ્યો હતો.

# વિજયી ભવઃ કાલથી દાહોદમાં કોરોના સામે રસીકરણનો થશે પ્રારંભ



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

કોરોના મહામારીને મહાત કરવા માટે દાહોદ જિલ્લો સજ્જ થઇ રહ્યો છે. વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ કરેલી જાહેરાત મુજબ આવતી કાલ શનિવારથી દાહોદ જિલ્લાના ચાર સેશન લોકેશન ઉપરથી કોરોના વેકસીનેશન કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવશે. વેક્સીનેશનના પ્રારંભિક તબક્કે દાહોદના ૮ હજારથી પણ વધુ આરોગ્યકર્મીને આવરી લેવામાં આવશે.

દાહોદમાં ચાલનારા વેક્સીનેશન કાર્યક્રમની માહિતી આપતા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. રમેશ પહાડિયાએ જણાવ્યું કે, દાહોદમાં ઝાયડ્સ મેડિકલ કોલેજ અને હોસ્પિટલ, દેવગઢ બારિયા, લીમખેડા અને ફતેપુરા ખાતે કાલ તા. ૧૬મીથી સેશન ચલાવવામાં આવશે. આજ સાંજ સુધીમાં વેક્સીનના ડોઝ ત્યાં પહોંચી જશે. એક વ્યક્તિને અડધા મિલિમિટરનો ડોઝ આપવામાં આવશે. ૨૮ દિવસ બાદ ફરી ડોઝ આપવામાં આવશે. તે દરમિયાન રસી લેનાર વ્યક્તિની તકેદારી લેવામાં આવશે. તમામ આરોગ્ય કર્મચારીઓને અલગ અલગ દિવસે રસી લેવા માટે બોલાવવામાં આવશે. ઇન્ટ્રા મસ્ક્યુલર પદ્ધતિથી રસી આપવામાં આવશે. એટલે, રસી અંગેની કોઇ નિશાની શરીરમાં નહી રહે. ધાત્રી કે સગર્ભા કર્મચારીઓને રસી આપવાની નથી.

દાહોદમાં પ્રતિદિન ચાર સો આરોગ્યકર્મીઓને રસી આપવામાં આવશે. એટલે કે, એક સેશન સેન્ટર ઉપરથી રોજના ૧૦૦ આરોગ્ય કર્મચારીઓને રસી આપવામાં આવશે.

દાહોદ જિલ્લામાં ઝાયડ્સ ખાતેથી ગૃહ રાજ્યમંત્રી પ્રદીપસિંહ જાડેજા, દેવગઢ બારિયા ખાતેથી રાજ્ય મંત્રી બચુભાઇ ખાબડ, લીમખેડા ખાતેથી સાંસદ જસવંતસિંહ ભાભોર અને ફતેપુરથી વિધાયક રમેશભાઇ કટારા સવારે ૧૦ વાગ્યે રસીકરણનો પ્રારંભ કરાવશે.

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## પંચમહાલ જીલ્લાના વેજલપુર અને મોરવા(હ) ગામે

# પતંગ દોરી ગળામાં ભરાતાં બે વ્યકિતના મોત


તસ્વીર : હસમુખ શિકારી મોરવા(હ)


તસ્વીર : નુર બાલા, વેજલપુર

## વેજલપુર પેટ્રોલ પંપ સામે રહેતા રચજીભાઈ ઓડ અને સંતરામપુર નારી રેલના સુભાષ સંગાડાનું દોરી ભરાતા મોત

ગોધરા,

પંચમહાલ જીલ્લામાં ઉત્તરાયણના પર્વ એ દોરી ગળામાં ભરાવથી મોત થવાની બે ઘટના સામે આવી છે. બન્ને બનાવમાં બાઈક ઉપર પસાર થતાં વ્યકિતઓના ગળામાં દોરી ભરાતાના કિસ્સાઓ માટે પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે પંચમહાલ જીલ્લાના વેજલપુર ગામ ખેડા ફળીયામાં સામે હાઈવે રોડ ઉપર થી પેટ્રોલ પંપ છાપરા વિસ્તારમાં રહેતા રચજીભાઈ શનાભાઈ ઓડ પોતાની બાઈક નંબર જીજે.૦૬.ઈવી.૬૯૩૧ ઉપર છોકરાને બેસાડીને ગોધરા તરફ સાંજે ૬.૩૦ કલાકે આવી રહ્યા હતા. ત્યારે ચાલુ બાઈકે રચજીભાઈના ગળામાં દોરી આવી જતાં ગંભીર રીતે ઘાયલ થયા હતા અને ઘરના સ્થળે પાંચ થી દશ મીનિટમાં મોત થવા પામ્યું હતું. જયારે બાઈક પાછળ બેઠેલ બાળકને ઈજાઓ થતાં ૧૦૮માં સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. વેજલપુર ગામે ખેડા ફળીયા પાસે હાઈવે પર પતંગ દોરી ભરાતાં વેજલપુરના વ્યકિતના મોત થયાની ઘટના જાણ થતાં વેજલપુર પોલીસ અને મૃતકના પરિવારજનો દોડી આવ્યા હતા. ઘટના સ્થળે પહોંચેલ મૃતકના પરિવારજનોનું આક્રંદ થી અન્ય લોકોના પણ હૃદય દ્રવી ઉઠયા હતા.

જ્યારે બીજા બનાવમાં મોરવા(હ) તાલુકાના સંતરોડ – સંતરામપુર હાઈવે રોડ ઉપર થી બાઈક લઈને સંતરામપુર નાની રેલ ગામે રહેતા સુભાષભાઈ ખુમાભાઈ સંગાડા પસાર થઈ રહ્યા હતા. ત્યારે બાઈક ચાલક સુભાષભાઈના ગળામાં ઘાતક ચાઈનીઝ દોરી ગળામાં ભરાઈ જતાં ગંભીર રીતે ઘાયલ થયા હતા. દોરી થી ઘાયલ થયેલ યુવાનને દવા સારવાર માટે ખસેડવામાં આવતાં સારવાર દરમ્યાન મોત નિપજાવા પામ્યું હતું. પંચમહાલ જીલ્લામાં ઉત્તરાયણના દિવસે દોરી થી બે મોતની ઘટના અંગે મોરવા(હ) અને વેજલપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## ગોધરામાં જીલ્લા કોંગ્રેસવાસી દ્વારા જરૂરિયાત મંદોને પતંગોનું વિતરણ


તસ્વીર : આસીફ ઘંત્યા, ગોધરા

ગોધરા,

ખેડૂત વિરોધી ત્રણ કાયદા અને ખેડૂતો ઉપર અત્યાચાર અન્યાય અને વિવિધ પ્રશ્ને મુદ્દે દેશમાં અને દિલ્હી બોર્ડર ઉપર ચાલી રહેલ ખેડૂત આંદોલનના સમર્થનમાં અને આંદોલન દરમિયાન મૃત્યુ પામનાર ૪૫ ઉપરાંત ખેડૂતોને આવાજ લાગણી અને રજૂઆતને વાચા આપવા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમીતભાઈ ચાવડાના માર્ગદર્શન હેઠળ ગોધરા ખાતે પંચમહાલ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ અજીતસિંહ ભાટીના નેતૃત્વમાં આજે મકરસંક્રાંતિ પર્વ નિમિત્તે સોનીવાડ હોળી ચકલા પાસે ખેડૂતોની વ્યાજબી માંગણી સ્વીકારવા વિવિધ સૂત્રો સાથે પતંગોનું બાળકો યુવાનો મહિલાઓ અને જરૂરિયાત મંદ લોકોમાં જાહેરમાં વિતરણ કરી ખેડૂતોને ન્યાય માટે માંગ કરવામાં આવી હતી. ખેડૂત તરફી વિવિધ સૂત્રો લખેલી પતંગોનું ખુબજ મોટા પ્રમાણમાં જાહેરમાં વિતરણ કરવામાં આવેલ હતું આ કાર્યક્રમમાં પ્રજામાં ભારે આકર્ષણ જમાવેલ અને આવા સૂત્રોચ્ચારો લખેલ પતંગો મેળવવા યુવાઓમાં ભારે ઉત્સાહ દર્શાવેલ હતો.

ગોધરા ખાતે કોંગ્રેસ પક્ષ દ્વારા ખેડૂતોના સમર્થનમાં પતંગ વિતરણ કાર્યક્રમમાં પંચમહાલ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ અજીતસિંહ ભાટી પંચમહાલ જિલ્લા માઈનોરીટી ડીપાર્ટમેન્ટના ચેરમેન ઉસ્માનભાઈ બેલી પંચમહાલ જીલ્લા મહામંત્રી ઉમેશ શાહ આબીદ શેખ યાકુબ હેબટ જિલ્લા ખજાનચી રાજુભાઈ હેમનાણી રેહાન મીઠીબોરવાલા ફારૂક વોહરા સહિત કોંગ્રેસના સામાજિક સેવાભાવી કાર્યકરોએ મોટી સંખ્યામાં જોડાયા હતા.

## શહેરામાં ઉત્તરાયણના પર્વની ઉત્સાહભેર ઉજવણી


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

શહેરામાં ઉત્તરાયણ પર્વના દિવસે પોલીસ દ્વારા ડ્રોન થી બાજ નજર રાખવામાં આવી હતી.નગરના વિવિધ વિસ્તારમા પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. તાલુકામાં પતંગ દોરાથી ઘવાયા નો એક પણ બનાવ બન્યોના હતો.

પંચમહાલ જીલ્લાના શહેરામાં ઉતરાયણ પર્વને લઈને ભારે ઉત્સાહ તાલુકા વાસીઓમાં જોવા મળી રહયો હતો, ઉતરાયણ પર્વના દિવસે કોરોના ના ગાઈડ લાઈનનું પાલન કરાવા માટે પોલીસ તંત્ર સજ્જ બન્યું હતુ. નગરના બસ સ્ટેશન, મેઈન બજાર, નાડારોડ,અણિયાદ ચોકડી, સિંધી ચોકડી સહિતના વિસ્તારમા પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. જ્યારે પોલીસ મથકના પી.આઈ એમ.આર.નકુમ દ્વારા સમગ્ર બંદોબસ્ત પર નજર રાખવામા આવી હતી. વધુમાં કોરોના ગાઈડનું લોકો પાલન કરે તે હેતુથી ડ્રોન થકી નગરના વિસ્તારોમાં પોલીસ દ્વારા બાજ નજર રાખવામાં આવી હતી. ઉતરાયણ પર્વની પંથકના લોકો એ ઉત્સાહભેર ઉજવણી કરાઈ હતી.

## પંચમહાલ જીલ્લામાં આજે ૫ કોરોના પોઝીટીવ કેસ નોંધાતા કુલ આંક ૩૮૯૩ થયો

ગોધરા,

પંચમહાલ જીલ્લામાં કોરોના કહેર યથાવત રહેવા પામ્યો છે. જીલ્લામાં આજરોજ વધુ ૦૫ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યા છે. નવા ૦૫ પોઝીટીવ કેસ સાથે અત્યાર સુધીનો કુલ આંક ૩૮૯૩ થવા પામ્યો છે.

પંચમહાલ જીલ્લામાં કોરોના એ ભરડો લીધો હોય તેવી સ્થિતી નિર્માણ થઈ છે. જીલ્લામાં વધતો જતાં કોરોના પોઝીટીવ આંક ચિંતાનો વિષય બન્યો છે. પંચમહાલ જીલ્લામાં વધુ ૦૫ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યો છે. તેમાં ગોધરા–૦૫ કેસ નોંધાવા પામ્યો છે. જીલ્લામાં કોરોના પોઝીટીવ કેસ નોંધાઈ રહ્યા છે. તેવા વિસ્તારોમાં આરોગ્ય વિભાગ દ્વારા સેમ્પલ લેવાની તેમજ સર્વેની કામગીરીમાં ગતિ લાવવામાં આવી છે. પંચમહાલ જીલ્લામાં વધતા કોરોના પોઝીટીવ કેસને લઈ જીલ્લા વહીવટી તંત્ર અને આરોગ્ય તંત્ર સર્તક બન્યું છે. પોઝીટીવ કેસ નોંધાયા તેવા વિસ્તારોમાં હોમ કોરોન્ટાઈન તેમજ માઈક્રો કન્ટેનમેન્ટ કરવામાં આવ્યા છે.

## ગોધરા-અમદાવાદ હાઈવે રોડ સર્વોદય હોટલના પાર્કિંગમાં ઉભેલ ટેમ્પામાંથી ૧૦.૬૦ લાખનો દારૂ ઝડપ્યો

ગોધરા,

ગોધરા–અમદાવાદ હાઈવે રોડ ઉપર આવેલ સર્વોદય હોટલ પાર્કિંગમા ઉભેલ ટેમ્પામાં દારૂનો જથ્થો ભરેલ છે. તેવી બાતમીના આધારે પોલીસે રેડ કરી ઈંગ્લીશ દારૂ નંગ–૨૩૮૧ કિંમત ૧,૬૨,૦૦૦/– રૂપીયાના જથ્થા સાથે બે ઈસમોને ઝડપી પાડવામાં આવ્યા.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા–અમદાવાદ હાઈવે રોડ ઉપર આવેલ સર્વોદય હોટલ પાર્કિંગમાં ઉભેલ ટેમ્પો નંબર યુપી.૧૪.ઈટી.૪૮૬૩ માં ઈંગ્લીશ દારૂનો જથ્થો ભરેલ છે. તેવી બાતમીના આધારે સ્ટેટ મોનીટરીંગ સેલ એ રેડ પાડી હતી. રેડ દરમ્યાન ટેમ્પામાંથી ઈંગ્લીશ દારૂ નંગ–૧૦,૬૨,૦૦૦/– રૂપીયા ટેમ્પો કિંમત ૨,૦૦,૦૦૦/–રૂપીયા મોબાઈલ ફોન અને અંગઝડતીમાં ૯૧૮૫/–રૂપીયા મળી ૧૨,૮૧,૧૮૫/–રૂપીયાનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. રેડ દરમ્યાન શકિત રોલર નાયડુ (રહે.રાવલભાટા, જી.ચિતોડગઢ, રાજસ્થાન), આત્મારામ ઉર્ફે વિશાલ રામ ભરોટા માલી (રહે.ચેપેટ તા.રામગંજગડી, રાજસ્થાન)ને ઝડપી પાડવામાં આવ્યા. આ બાબતે કાંકણપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## શ્રી રામ જન્મભૂમિ મંદિર નિર્માણ નિધિ સમર્પણ અભિયાનમાં કાર્યકર્તાઓમાં ઉત્સાહ


તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

ગોધરા,

આજરોજ મોટી રાશિ નું એકત્રીકરણ કરવામાં આવ્યું. તેમા કાર્યકર્તાઓમાં અનોખો ઉત્સાહ જોવા મળ્યો. જેમાં જયશ્રી રામના નારા પણ ગુંજી ઉઠ્યા. આજે જીલ્લા કાર્યાલયમાં શ્રી રામ જન્મભૂમિ મંદિર નિર્માણ નિધિ સમપેણ અભિયાન લઈને કાર્યકર્તામાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો હતો. કાર્યાલય પર ઉપસ્થિત રહેલા હોદ્દેદારો ટીમ સહિત તમામે યોગદાન આપ્યું.

જેમાં સી. કે. રાઉલજી ધારાસભ્ય, ગોધરા દ્વારા ૧,૧૨,૦૦૦ રૂપિયા તથા જયદ્રથસિહ મંત્રી, દ્વારા ૧ લાખ રુપિયા, સંજયભાઈ પટેલ સ્વાગત સમિતી અધ્યક્ષ દ્વારા ૫૧,૦૦૦ તથા શિવરાજ શ્રી રાઉલજી ૨૧૦૦૦ રૂડી બાપુ ૨૧૦૦૦, હિતેશ ભાઈ ભટ્ટ ૧૧૦૦૦, રમેશ ભાઈ સુંદેસા ૨૫૧૧૧, અસ્વીન ભાઈ પટેલ ૨૧૦૦૦જિલ્લા પ્રમુખ ભાજપા, ઈન્દ્રજીત મહારાજ રામજીમંદિર ૨૧૦૧ , દેવલ ભાઈ શાહ ૧૧૧૧૧ , તથા રાકેશ ભાઈ ઠાકોર ૨૬૦૦૦ પીયૂસ ભાઈ લીલાધર ગાંધી ૧૧૦૦૦.

## કાલોલ તાલુકાના વેજલપુર ખાતેથી કિસાન સૂર્યોદય યોજનાનો શુભારંભ


તસ્વીર : જયદીપ ઠાકર, વેજલપુર

ગોધરા,

સમગ્ર ગુજરાતમાં ખેડૂતોને પિયત માટે દિવસે વીજપુરવઠો પૂરો પાડવા હાથ ધરાયેલી કિસાન સૂર્યોદય યોજનાના બીજા તબક્કા અંતર્ગત પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકામાં વેજલપુર ખાતે કૃષિ, પંચાયત અને પર્યાવરણ રાજ્યમંત્રી જયદ્રથસિંહ પરમારની અધ્યક્ષતામાં શુભારંભ સમારોહ યોજાયો હતો. કાલોલ તાલુકાના ૧૧ ગામના ખેડૂતોના ૨૦૧ ખેતી વિષયક વીજ જોડાણોને દિવસે વીજ પુરવઠો પૂરો પાડવાની આ યોજનાનો શુભારંભ કરાવતા મંત્રીએ જણાવ્યું હતું કે ખેડૂતોને પિયત માટે દિવસે વિજળી આપવાનો આ નિર્ણય ઉર્જાક્ષેત્રે જ્યોતિગ્રામ યોજના બાદ બીજો ઐતિહાસિક નિર્ણય બની રહેશે. ઉર્જાક્ષેત્રે રાજ્યે સાધેલી પ્રગતિની રૂપરેખા આપતા મંત્રીએ જણાવ્યું હતું કે પ્રજાજનોને ૨૪ કલાક વિજળીની સવલત આપવામાં ગુજરાત દેશભરમાં પ્રથમ રહ્યું છે. ગ્રામજનોને અનિયમિત વિજળીના પરિણામે પડતી મુશ્કેલીઓ સમજી તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૦૧માં શહેરી વિસ્તારની જેમ ગામડાઓમાં પણ ૨૪ કલાક વીજળી આપવાનો નિર્ધાર કર્યો અને ચાર વર્ષના ટૂંકા ગાળામાં જ્યોતિગ્રામ યોજના હેઠળ દેશમાં સૌપ્રથમ ગુજરાતના તમામ ગામોમાં ૨૪ કલાક વીજળી પૂરી પાડવામાં આવી રહી છે. આ ક્રાંતિને આગળ વધારતા મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ કિસાનભાઈઓને પિયત માટે દિવસે વિજળી પૂરી પાડવાનો સંવેદનશીલ નિર્ણય કર્યો છે, જેના પરિણામે હવે ખેડૂતમિત્રોએ રાત્રીના ઉજાગરા નહીં કરવા પડે, જંગલી પશુઓ કે જીવજંતુઓનો ડર નહીં રહે તેમજ તેમની ઉત્પાદકતા વધશે. ખેડૂતહિતમાં સરકાર દ્વારા કિસાન સન્માન નિધી યોજના અંતર્ગત વાર્ષિક ૬ હજારની સીધી સહાય, ઝીરો પ્રિમિયમ પર પાક વીમો ઉપલબ્ધ કરાવવા ઉપરાંત સાત પગલા ખેડૂત કલ્યાણના સહિતની યોજનાઓ અંગે વાત કરતા રાજ્યમંત્રીએ જણાવ્યું હતું કે ખેડૂતોને સિંચાઈ માટે પાણી, સમયસર વીજ પુરવઠો અને ખાતર મળી રહે તેવી વ્યવસ્થા સરકારે સુનિશ્ચિત કરી છે. કિસાન સૂર્યોદય યોજના વર્ષ ૨૦૨૨ સુધીમાં ખેડૂતોની આવક બમણી કરવાની દિશામાં અતિ મહત્વપૂર્ણ સાબિત થશે તેવો વિશ્વાસ વ્યક્ત કરતા તેમણે બે વર્ષમાં સમગ્ર રાજયના ૧૮ હજારથી વધુ ગામોને ૩૫૦૦ કરોડથી વધુના ખર્ચે દિવસે ૮ કલાક થ્રી ફેઝ વિજળી ઉપલબ્ધ કરાવવામાં આવશે તેમ ઉમેર્યુ હતું.

મંત્રીએ જણાવ્યું હતું કે ઉર્જાક્ષેત્રે વિકાસની આ યાત્રા સરળ નથી રહી. સરકારે એક સમયે ખોટ કરતા ગુજરાત ઈલેક્ટ્રિક બોર્ડ (GEB)ને ખોટનાં ખાડામાંથી બહાર લાવી ગુજરાતને વીજ ક્ષેત્રે સરપ્લસ સ્ટેટ બનાવ્યું છે.

આ અગાઉ કાલોલના ધારાસભ્ય સુ સુમનબેન ચૌહાણ દ્વારા પ્રાસંગિક ઉદબોધન કરવામાં આવ્યું હતું. એમજીવીસીએલ, વડોદરાના અધિક્ષક ઈજનેર દ્વારા મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત તેમજ કાર્યપાલક ઈજનેર, હાલોલ દ્વારા આભાર વિધી કરવામાં આવી હતી.

કાર્યક્રમમાં જિલ્લાના અગ્રણી અશ્વિનભાઈ પટેલ, કાલોલ નગરપાલિકા પ્રમુખસુ શેફાલીબેન, માજી સાંસદ પ્રભાતસિંહ ચૌહાણ, જિલ્લા પંચાયત પ્રમુખ રાજપાલસિંહ જાદવ, બેઢિયાના સરપંચ તેમજ જિલ્લા કલેક્ટર અમિત અરોરા, ઈન્ચાર્જ જિલ્લા વિકાસ અધિકારી એસ.કે.રાઠોડ, પ્રાંત અધિકારી વિશાલ સક્સેના, તાલુકા વિકાસ અધિકારી સહિત એમજીવીસીએલના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.


કાલોલના બેઢીયા કિસાન સૂર્યોદય યોજના શુભારંભ સ્થળે આગલી રાત્રે માલ ભરેલ ટ્રક પલ્ટી જવા પામી હતી. સદ્દનસીબે જાનહાનિ ટળી હતી.

## પંચમહાલ જિલ્લામાં કોવિડ-૧૯ વેક્સિનેશનની તૈયારીઓ પૂર્ણ, કલેક્ટરએ તમામ કેન્દ્રોની મુલાકાત



ગોધરા,

વૈશ્વિક મહામારી કોવિડ–૧૯ વાયરસ સામે રક્ષણ આપતી વેક્સિનની ઈંતેજારીનો અંત આવ્યો છે અને આવતીકાલથી પંચમહાલ સહિત તમામ જિલ્લામાં રસીકરણનો પ્રારંભ કરવામાં આવશે. જિલ્લા કલેકટર અમિત અરોરાએ જિલ્લાના રસીકરણ કેન્દ્રોની મુલાકાત લઈ તૈયારીઓની સમીક્ષા કરી હતી. જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારી સુરેન્દ્ર જૈને જણાવ્યું હતુંકે જિલ્લામાં રસીકરણના પ્રારંભની તમામ તૈયારીઓ કેન્દ્ર સરકાર દ્વારા નિર્ધારિત પ્રોટોકોલ પ્રમાણે પૂર્ણ કરવામાં આવી છે. આવતીકાલે રસી આપવા માટે જિલ્લામાં ચાર સ્થળોએ કાલોલ સી.એચ.સી, હાલોલ સી.એચ.સી., શહેરા સી.એચ.સી. અને ગોધરાની નર્સિંગ સ્કૂલ ખાતે રસીકરણ કેન્દ્રો ઉભા કરવામાં આવ્યા છે. આ દરેક રસીકરણ કેન્દ્રો પર ૧૦૦–૧૦૦ લાભાર્થીઓને જરૂરી તકેદારીઓ સાથે રસી આપી જિલ્લામાં રસીકરણનો પ્રારંભ કરાશે. કાલોલ ખાતે પંચમહાલ જિલ્લા સાંસદ રતનસિંહ રાઠોડ, ગોધરા નર્સિંગ સ્કૂલ ખાતે ગોધરાના ધારાસભ્ય સી.કે.રાઉલજી, હાલોલ ખાતે કાલોલ ધારાસભ્ય સુમનબેન ચૌહાણ તેમજ શહેરા ખાતે ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડ ઉપસ્થિત રહી રસીકરણનો પ્રારંભ કરાવશે.

આ કેન્દ્રો ખાતે ડીપ ફ્રીઝ અને આઇ.એલ.આર. જેવી રસીને સલામત સાચવવાની સુવિધા રાખવામાં આવી છે. રસીનો જરૂરી જથ્થો પણ રસીકરણ કેન્દ્રો ખાતે પહોંચાડી દેવામાં આવ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે પંચમહાલ જિલ્લાને પ્રથમ તબક્કામાં કોવિશિલ્ડ વેક્સિનના કુલ ૧૧,૩૨૦ ડોઝ ફાળવવામાં આવ્યા છે, જે ગોધરા ખાતે સ્ટોર કરવામાં આવ્યા છે. રસીકરણ પૂર્વે સઘન આયોજનના ભાગરૂપે ડ્રાયરનનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.